# બાગે ફદકની હકીકત

# અને

# ખુત્બએ ફદકનો સારાંશ

**: પ્રકાશક :**

**ભોજાણી પ્રકાશન**

આશીયાના, પ્રભુદાસ તળાવ,

ભાવનગર.

મો. ૯૮૨૫૩૦૯૯૧૪

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | જ. ફાતેમા (સ.અ.) હદીસની રોશનીમાં | ૦૪ |
| ૨ | નૂરાની ખિલકત | ૦૪ |
| ૩ | વિલાદત | ૦૪ |
| ૪ | ઝહરા (સ.અ.)ના લકબનું કારણ | ૦૬ |
| ૫ | જ. ફાતેમા (સ.અ.)નું ઈલ્મ | ૦૬ |
| ૬ | ફાતેમા (સ.અ.)ના નામનું કારણ | ૦૬ |
| ૭ | હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) પાસે આપ (સ.અ.)નો એહતેરામ | ૦૭ |
| ૮ | જ. ફાતેમા (સ.અ.)ના | ૦૭ |

| | | |
|---|---|---|
| | અખ્લાક | |
| ૯ | કયામતના દિવસે આપ (સ.અ.)નો મરતબો | ૦૮ |
| ૧૦ | ઈસ્લામી એકતા | ૦૯ |
| ૧૧ | ઈસ્લામી એકતા એટલે શું? | ૧૦ |
| ૧૨ | કુરઆને મજીદના હુકમ પ્રમાણે હિકમતથી કામ લેવું જોઈએ | ૧૧ |
| ૧૩ | એહલેબૈત (અ.મુ.સ.)ની સીરત ઉપર અમલ કરવો | ૧૧ |
| ૧૪ | ફદકનું ભોગૌલિક સ્થાન | ૧૨ |
| ૧૫ | ફદકની આવક | ૧૨ |
| ૧૬ | ફદક અને હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) | ૧૨ |

| | | |
|---|---|---|
| ૧૭ | ફદક અને જનાબે ફાતેમા (સ.અ.) | ૧૩ |
| ૧૮ | ફદકનું ગસ્બ કરવું | ૧૪ |
| ૧૯ | શું ગવાહ માંગવાની જરૂરત હતી? | ૧૬ |
| ૨૦ | પહેલી દલીલ | ૧૬ |
| ૨૧ | જનાબે ફાતેમા (સ.અ.)ની શાન | ૧૭ |
| ૨૨ | અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ની ગવાહી કેમ કબૂલ ન કરી શકાય? | ૧૭ |
| ૨૩ | બીજી દલીલ | ૧૮ |
| ૨૪ | ખલીફાની બેવડી નીતી | ૧૮ |
| ૨૫ | ગવાહ વગર વાત માન્ય | ૧૮ |

| | | |
|---|---|---|
| | રાખી | |
| ૨૬ | સ્વપ્નમાં થયેલ વસીયત માન્ય રાખી | ૧૯ |
| ૨૭ | હઝરત ખિઝર (અ.સ.)ની રિવાયત | ૧૯ |
| ૨૮ | ફદક અંગે જુદા જુદા રાજ્યકર્તાઓના અમલ | ૨૧ |
| ૨૯ | અમીરૂલ મોઅમેનીન મૌલાના અલી (અ.સ.)ના ફદક વિશે વિચારો | ૨૨ |
| ૩૦ | મામૂનનું ફરમાન | ૨૬ |
| ૩૧ | ખુત્બ-એ-ફદક | ૨૭ |
| ૩૨ | ફદક ન આપવાનું સાચુ કારણ | ૩૧ |

## જ. ફાતેમા (સ.અ.)ની અઝમત હદીસોની રોશનીમાં:

### નૂરાની ખિલકત:

રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

خَلَقَ نُوْرَ فَاطِمَةَ قَبْلَ اَنْ يَّخْلُقَ الْاَرْضَ وَ السَّمَاۤءَ خَلَقَهَا اللّٰهُ عَزَّ وَ جَلَّ مِنْ نُوْرِهٖ قَبْلَ اَنْ يَّخْلُقَ آدَمَ

‘ખુદાવંદે આલમે જ. ફાતેમા (સ.અ.)ના નૂરને જમીન અને આસમાનના સર્જન પહેલા ખલ્ક

કર્યું... જ. ફાતેમા (સ.અ.)ના નૂરને જ. આદમ (અ.સ.)ના સર્જન પહેલા પોતાના નૂરથી પૈદા કર્યુ.'

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પા. ૪)

**વિલાદતઃ**

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

'જ્યારે જ. ફાતેમા (સ.અ.)ની વિલાદત થઈ પછી દસ હુર્રે જ. ખદીજા (સ.અ.)ની ખિદમતમાં આવી અને દરેકના હાથમાં જન્નતનું એક વાસણ હતું. હૌઝે કૌસરનું પાણી

ભરેલું હતું. પછી જે સ્ત્રી આપની સામે ઉભી હતી તેણે જ. ફાતેમા (સ.અ.)ને આબે કૌસરથી ગુસ્લ આપ્યું અને બે લિબાસ જે દૂધ કરતાં વધારે સફેદ અને અંબર કરતા વધારે ખુશ્બુદાર હતા તે લઈને આવ્યા. એક લિબાસ જ. ફાતેમા (સ.અ.)ને પહેરાવ્યો અને બીજા લિબાસનો મકનો બનાવ્યો. પછી જ. ફાતેમા (સ.અ.) બોલવાનું શરૂ કર્યું અને ફરમાવ્યું:

‘હું ગવાહી આપું છું કે મારા પિતા બધાં નબીઓના સરદાર છે અને મારા

પતિ બધા વસીઓના સરદાર છે અને મારા ફરઝંદો હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જન્નતના જવાનોના સરદાર છે.’

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પા. ૩)

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છે:

ખુદાએ જ. ફાતેમા (સ.અ.)ને પોતાના નૂરથી પૈદા કર્યા અને તે નૂરે ઝમીન અને આસમાનને પ્રકાશિત કર્યું. અલબત્ત તે નૂર એટલું પ્રકાશિત હતું કે ફરિશ્તાઓની આંખો અંજાઈ

ગઈ. તે નૂરના કારણે ફરિશ્તાઓ અલ્લાહના સજદામાં પડી ગયા.

ફરિશ્તાઓએ પૂછ્યું: અય મઅબુદ! આ કોનું નૂર છે?

ખુદાવંદે આલમે કહ્યું: આ મારૂં નૂર છે અને મેં તેને આસમાનમાં રાખ્યું છે. આ નૂર મેં પૈદા કર્યું છે અને અંબિયા (અ.મુ.સ.)ની નસ્લમાંથી પસાર થતું સુલ્બે રસૂલ (સ.અ.વ.)માં રાખ્યું છે. આ નૂર થકી ઈમામો (અ.મુ.સ.) પૈદા થયા છે જે મારા હુકમથી કયામ કરે છે અને લોકોને હકની હિદાયત કરે છે.

આ ઈમામો (અ.મુ.સ.) વહીનો સિલસિલો ખત્મ થઈ જવા પછી જમીન પર મારા જાનશીનો છે.

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પા. ૮૨)

**ઝહરા (સ.અ.)ના લકબનું કારણઃ**

ઈમામ જઅફરે સાદિક (અ.સ.) ફરમાવે છેઃ

હઝરત ફાતેમા (સ.અ.)ને એટલા માટે 'ઝહરા (સ.અ.)' કહેવામાં આવે છે કે જ્યારે આપ (સ.અ.) ઈબાદત માટે મહેરાબમાં જતા તો

આપ (સ.અ.)નું નૂર આસમાનવાળાઓ માટે એવી રીતે પ્રકાશિત થતું જેવી રીતે જમીનવાળાઓ માટે સિતારાઓ પ્રકાશિત થાય છે.

## જ. ફાતેમા (સ.અ.)નું ઈલ્મ:

ઈમામ સાદિક (અ.સ.) ફરમાવે છે:

જનાબે ફાતેમા (સ.અ.) પોતાના પિતાની વફાત બાદ પંચોતેર (૭૫) દિવસ સુધી જીવતા રહ્યા અને પિતાની જુદાઈમાં ગમગીન રહ્યા. એક

દિવસ જ. જિબ્રઈલ (અ.સ.) જ. ફાતેમા (સ.અ.)ને તાઝીયત દેવા માટે આવ્યા જેથી જ. ઝહરા (સ.અ.)નો ગમ ઓછો થાય. જ. જિબ્રઈલ (અ.સ.) એ તેમની અવલાદ સાથે બનવાવાળા બનાવો બતાવ્યા. જ. ઝહરા (સ.અ.) એ બધી બાબતો લખી જે જ. જિબ્રઈલ (અ.સ.) એ બતાવી જે મુસ્હફે ફાતેમા (સ.અ.)ના નામથી મશહૂર છે.

(બેહાર, ભાગ. ૪૩, પા. ૧૯૫)

**ફાતેમા (સ.અ.)ના નામનું કારણઃ**

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

سَمَّيْتُ فَاطِمَةَ بِهٰذَا الْاِسْمِ لِاَنَّهَا

فَاطِمَتْ وَ تَبَلَّتْ مَنِ النَّظِيْرِ

‘મેં મારી દિકરીનું નામ ફાતેમા (સ.અ.) એટલા માટે રાખ્યું કારણ કે દુનિયામાં તેમની કોઈ મીસાલ નથી.’

**હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) પાસે આપ (સ.અ.)નો એહતેરામઃ**

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

اَنْتَ مِنِّیْ وَ اَنَا مِنْكَ

‘અય ફાતેમા (સ.અ.)! તમે મારાથી છો અને હું તમારાથી છું.’

હઝરત રસૂલે અકરમ (સ.અ.વ.) ફરમાવે છેઃ

یَا فَاطِمَةُ مَنْ صَلّٰی عَلَیْكَ غَفَرَ اللّٰهُ لَهٗ وَ

اَلْحَقَهٗ بِیْ حَیْثُ كُنْتُ مِنَ الْجَنَّةِ

‘અય ફાતેમા (સ.અ.)! જે શખ્સ તમારા ઉપર સલવાત મોકલે છે ખુદાવંદ તેના બધા ગુનાહો માફ કરી

દે છે અને જન્નતમાં તેની જગ્યા મારી સાથે છે.’

**જ. ફાતેમા (સ.અ.)ના અખ્લાકઃ**

હ. આયશા કહે છેઃ

મેં જનાબે ફાતેમા (સ.અ.)થી વધારે કોઈ સાચા ઈન્સાન નથી જોયા સિવાય તેમના પિતાને (એટલે કે હઝરત મોહમ્મદ મુસ્તુફા સ.અ.વ.) અને જ. ફાતેમા (સ.અ.)થી વધારે બીજું કોઈ સાચું બોલનાર નહોતું.

(બેહારૂલ અન્વાર, ભાગ-૪૩, પા. ૮૪)

ઈમામે ઝમાના (અ.ત.ફ.શ.) ફરમાવે છેઃ

فِیْ اِبْنِةِ رَسُوْلِ اللّٰهِ لِیْ اُسْوَةٌ حَسَنَةٌ

મારા માટે જ. ફાતેમા (સ.અ.) બેહતરીન નમૂનએ અમલ છે.'

**કયામતના દિવસે આપ (સ.અ.)નો મરતબોઃ**

હઝરત પયગંબર (સ.અ.વ.) ફરમાવે છેઃ

'મારી પુત્રી ફાતેમા (સ.અ.) કયામતના દિવસે નૂરથી ઢંકાયેલી હાલતમાં દાખલ થશે સિત્તોર હજાર ફરિશ્તાઓ તેમની જમણી બાજુ અને તેટલી જ સંખ્યામાં તેમની ડાબી બાજુ અને તેટલી જ સંખ્યામાં તેમની પાછળ હશે. આપ (સ.અ.) મોઅમીનાઓને જન્નતમાં દોરી જશે. પછી જે કોઈ સ્ત્રી જે તે દિવસમાં પાંચેય વખત નમાઝની પાબંદી કરી હશે, માહે રમઝાનના રોઝા રાખ્યા હશે, હજ અદા કરી હશે, તેણીની સંપત્તિ, ઝકાત વિ. આપીને પાક કરી

હશે, તેણીના પતિની ઈતાઅત કરી હશે અને મારા બાદ અલી (અ.સ.)ની વિલાયત સ્વીકારી હશે તે મારી દીકરી ફાતેમા (સ.અ.)ની શફાઅત દ્વારા જન્નતમાં દાખલ થશે.’

(બેહારૂલ અન્વાર, ભા-૮, પા. ૫૮, હ. ૭૬)

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છેઃ

اَوَّلُ شَخْصٍ تَدْخُلُ الْجَنَّةَ فَاطِمَةُ

'જન્નતમાં સર્વપ્રથમ દાખલ થનાર જનાબે ફાતેમા (સ.અ.) છે.'

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ફરમાવે છે:

فَتَمُرُّ فَاطِمَةُ وَ شِيْعَتُهَا عَلَى الصِّرَاطِ

كَالْبَرْقِ ا الْخَاطِفِ... وَ يُلْقَى اَعْدَاءُ

ذُرِّيَّتِهَا فِيْ جَهَنَّمَ

'કયામતના દિવસે જ. ફાતેમા (સ.અ.) અને તેમના શિયાઓ વિજળીની જેમ પુલે સેરાત પરથી પસાર થઈ જશે અને તેમના દુશ્મનો

અને તેની ઔલાદ જહન્નમમાં નાંખી દેવામાં આવશે.’

### ઈસ્લામી એકતાઃ

આજકાલ અમુક રોશન ફિક્ર આલિમો ઈસ્લામના જુદા જુદા ફિરકાઓની વચ્ચે એકતાને ખૂબ જ મહત્ત્વ આપી રહ્યા છે. ખાસ કરીને જ્યારે ઈસ્લામ દુશમન તાકતો મુસલમાનોને અંદરો અંદર લડાવાની અવનવી યુકતીઓ અપનાવી રહ્યા છે. તો સવાલ થાય કે આવા સમયે ફદક જેવા ઈખ્તેલાફી મસાઈલ બાબતે ચર્ચા કરવી યોગ્ય છે? આ સવાલના

જવાબ માટે ઈસ્લામના મહાન મુફક્કીર શહીદ મુતહરી એ અલ્લામા અમીનીની કિતાબ અલ ગદીર બાબતે આવાજ સવાલનો જવાબ દેવા માટે એક લેખ લખ્યો હતો તેનો ખુલાસો રજૂ કરૂં છું.

## ઈસ્લામી એકતા એટલે શું?

૧) ઈસ્લામના જુદા જુદા મઝહબમાંથી એકને પસંદ કરી બાકી બીજા મઝહબોને કિનારે મૂકવામાં આવે.

૨) ઈસ્લામના જુદા જુદા મઝહબોમાંથી સામાન્ય બાબતોને લઈ એક નવો મઝહબ બનાવવામાં આવે અને મતભેદની વાતો કિનારે મૂકી દેવામાં આવે.

૩) ઈસ્લામના જુદા જુદા ફિરકાઓના માનનાર લોકો પોતાના મઝહબ ઉપર બાકી રહે પરંતુ સાથે મળી અને ઈસ્લામ દુશ્મન તાકતોની વિરૂધ્ધ એક થઈ જાય.

ઈસ્લામ દુશ્મન તાકતો ઈસ્લામી એકતાને તોડી પાડવા માટે ઈસ્લામી એકતાનો મતલબ પહેલો અથવા

બીજા નંબર બયાન કરે છે પણ આ બિલકુલ અયોગ્ય છે. હકીકતમાં ઈસ્લામના આલિમો જે ઈસ્લામી એકતાની વાત કરે છે તે એકતા ત્રીજા નંબરની એકતા છે. આ ઈસ્લામી એકતા માટે પોતાના મઝહબના ઉસૂલ કે ફુરૂઅમાંથી કોઈપણ બાબત પડતી મૂકવાની જરૂર નથી પરંતુ પોતાના મઝહબની દલીલો રજૂ કરતી વખતે સામેવાળાની લાગણી ન દુભાઈ તેનો ખ્યાલ રાખવો તેમજ તેઓની મશકરી કરવી અને જૂઠા આરોપો મૂકવાથી બચવુ જોઈએ.

**કુરઆને મજીદના હુકમ પ્રમાણે હિકમતથી કામ લેવું જોઈએ.**

ٱدۡعُ إِلَىٰ سَبِيلِ رَبِّكَ بِٱلۡحِكۡمَةِ وَٱلۡمَوۡعِظَةِ ٱلۡحَسَنَةِۖ وَجَٰدِلۡهُم بِٱلَّتِي هِيَ أَحۡسَنُ....

‘‘તારા પરવરદિગારની રાહ તરફ નેક નસીહત અને હિકમત સાથે

બોલાવ. તેઓની સાથે સારી રીતે મુનાઝેરો કર.''

(સૂરએ નહલ, આયત ૧૨૫)

**એહલેબૈત (અ.મુ.સ.)ની સીરત ઉપર અમલ કરવો જોઈએ:**

હઝરત અલી (અ.સ.) માલિકે અશ્તરને કાગળમાં લખે છે કે હું એ (ખલીફાની મદદથી) હાથને રોકી રાખ્યો પરંતુ જ્યારે જોયુ કે લોકો ઈસ્લામથી પલટી રહ્યા છે અને દીને મોહમ્મદ (સ.અ.વ.) નાબૂદ થઈ રહ્યો છે અને જો હું મદદ નહિ કરૂં તો

ઈસ્લામનું જે નુકસાન થશે તે મારી ખિલાફતના નુકસાન કરતા વધારે છે (ત્યારે મદદ કરી) જ્યારે છ માણસોની કમીટી એ ત્રીજા ખલીફા તરીકે હ. ઉસ્માનને પસંદ કર્યા તે સમયે આપ (અ.સ.) એ ફરમાવ્યું: તમે બધા જાણો છો કે ખિલાફત માટે હું યોગ્ય છું પણ અલ્લાહના સોગંદ જ્યાં સુધી મુસલમાનોની હાલત બરોબર છે મારા વિરોધીઓ ફક્ત મને ખિલાફતથી દૂર કરી મારા ઉપર જ ઝુલ્મ કરશે ત્યાં સુધી હું વિરોધ નહિ કરૂં.

અલ્લામા અમીનીએ કિતાબ અલ ગદીરમાં આ બાબતનું ધ્યાન રાખેલુ હતું જેના કારણે અલ ગદીરથી ઈસ્લામી એકતાને કોઈ નુકસાન નથી થયુ બલ્કે ઈસ્લામી એકતામાં વધારો થયો છે. આ બાબતે અમુક સુન્ની આલિમોના કૌલ પણ નકલ કર્યા છે.

**ફદકનું ભૌગોલિક સ્થાનઃ**

મદીનાથી ઉત્તર દિશા તરફ લગભગ ૧૪૦ કી.મી. ના અંતરે આવેલ એક નાનુ ગામ છે.

**ફદકની આવકઃ**

ફદકની જાગીરની વાર્ષીક આવક બાબતે ઈતિહાસકારોએ ૨૪૦૦૦ સોનાના સિક્કાથી ૭૦૦૦૦ સોનાના સિક્કા લખ્યા છે.

**ફદક અને હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.):**

ખૈબરના યહૂદીઓએ મદીનામાં કાવત્રુ કરનાર યહૂદીઓને પનાહ આપી હતી અને જુદા જુદા કબીલાના લોકોને મુસલમાનો વિરૂધ્ધ ઉશ્કેરણીમાં મશ્ગૂલ હતા તેથી હિજરી સન ૭ માં તેઓ સાથે લડાઈ થઈ જેમાં મુસલમાનોને કામ્યાબી

મળી છતાં પણ અલ્લાહના રસૂલ (સ.અ.વ.) એ ખૈબરના યહૂદીને અડધી મિલકત બક્ષી દીધી.

પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.)ની આ ઉદારતા જોઈને ફદકના યહૂદીઓ તસ્લીમ થયા અને દરખાસ્ત કરી કે તેઓ સાથે પણ ખૈબરના યહૂદીઓ જેવોજ વર્તાવ કરવામાં આવે અને પયગંબર (સ.અ.વ.) એ તેઓની દરખાસ્ત મંજૂર કરી.

અલ્લાહ (સુ.વ.ત.)ના હુકમ પ્રમાણે જે જમીન ફતેહ કરવા માટે લશ્કર ન મોકલવામાં આવ્યું હોય તે

પયગંબર (સ.અ.વ.)ની મિલકત બની જાય છે અને ફદકની જાગીર આ રીતે પયગંબરે ઈસ્લામ (સ.અ.વ.)ની મિલકતમાં આવી.

**ફદક અને જનાબે ફાતેમા (સ.અ.):**

જ્યારે સૂરએ બની ઈસ્રાઈલની ૨૬મી આયત નાઝિલ થઈ

وَآتِ ذَا الْقُرْبَىٰ حَقَّهُ وَالْمِسْكِينَ

وَابْنَ السَّبِيلِ

'અને તું નજીકના (સગાં-વહાલાં)ઓને, નિરાધારો તથા મુસાફરોને તેમનો હક આપી દે.'

ત્યારે બન્ને જહાનના સરદાર હઝરત મોહમ્મદ (સ.અ.વ.) એ ખાતૂને જન્નત જનાબે ફાતેમા (સ.અ.)ને બોલાવ્યા અને ફદકની જાગીર ઈનાયત ફરમાવી (અર્પણ કરી) ત્યારથી ફદકની જાગીર ઉપર ખાતૂને જન્નતનો કબજો હતો.

આ બાબત શિયા અને સુન્ની બન્ને હદીસવેત્તાઓએ પોતાની કિતાબમાં નોંધી છે. નમૂના રૂપે અમુક સુન્ની આલિમોની કિતાબના નામો આ મુજબ છે

કન્નઝુલ ઉમ્માલ

મુસ્નદે એહમદે હમ્બલ

શર્હે નહેજુલ બલાગાહ ઈબ્ને અબીલ હદીદ

સવાએકા એ મોહ્રિકા

તફસીરે દુર્રે મન્સૂર

**ફદકનું ગસ્બ કરવું:**

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની વફાતના દુઃખદાયક બનાવને હજી દસ દિવસ વીત્યા હતા કે હુકૂમત તરફથી ફદકની જાગીર ગસ્બ કરવામાં આવી અને જનાબે ફાતેમા (સ.અ.)ના વકીલોને બે દખલ કરવામાં આવ્યા જ્યારે આ ખબર

જનાબે ફાતેમા (સ.અ.)ને આપવામાં આવી ત્યારે આપ (સ.અ.) પોતાનો હક મેળવવા ખલીફા પાસે રજૂઆત કરી કે 'ફદકની જાગીર મારા વાલિદે બુઝુર્ગવારની હયાતી દરમ્યાન જ તેઓએ મને ભેટરૂપે આપી હતી.' ખલીફાએ આ બાબતે ગવાહની માંગણી કરી. ખાતૂને જન્નત જનાબે ફાતેમા (સ.અ.) ગવાહી માટે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) તથા ઉમ્મે અયમનને રજૂ કર્યા. અમીરૂલ મોઅમેનીન (અ.સ.) જનાબે ફાતેમા (સ.અ.)ના શૌહર

હોવાને કારણે તેઓની ગવાહી કબૂલ કરવામાં ન આવી અને કહેવામાં આવ્યું જો અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની ગવાહી કબૂલ રાખવામાં આવે તો પણ ગવાહી સંખ્યા સંપૂર્ણ નથી કારણકે ગવાહ બે આદિલ મર્દ અથવા એક આદિલ મર્દ અને બે ઔરત હોવી જોઈએ.

જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ કહ્યું જો તમે ફદકની જાગીર મારા વાલિદે બુઝુર્ગવારે મને ભેટરૂપે આપી છે તે કબૂલ કરવા માટે તૈયાર ન હોવ

તો મને મારા વાલિદના માલમાંથી વારસારૂપે આ જાગીર મળવી જોઈએ.

ખલીફાએ જવાબમાં એક (જૂઠી) હદીસ બયાન કરી કે પયગંબરે ઈસ્લામ હઝરત મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.)એ ફરમાવ્યું કે 'અમે નબીઓ જે કાંઈપણ માલો દૌલત મૂકી જાય તે સદકો છે.' મતલબ કે તેમાં અમારા વારિસોનો કોઈપણ હક નથી. જનાબે ફાતેમા (સ.અ.) એ સચોટ દલીલ સાથે 'આ હદીસ કુરઆને શરીફની વિરૂધ્ધ છે' તે સાબિત કર્યું પરંતુ ખલીફાએ આ

દલીલ કબૂલ ન રાખી. આપ (સ.અ.) નારાજ થઈ ત્યાંથી પાછા ફર્યા અને મસ્જિદે નબવીમાં એક ખુત્બો આપ્યો જે ખુત્બ–એ–ફદકના નામથી મશહૂર છે. જેમાં આપ (સ.અ.) ઈસ્લામી તાલીમાતનો નિચોડ પેશ કરેલ છે અને રસૂલે ખુદા (સ.અ.વ.)ની વફાત બાદ ઉમ્મતની બેવફાઈની ફરિયાદ કરેલ છે. આ બનાવ પછી આપ (સ.અ.) હંમેશા ખલીફાથી નારાજ રહ્યા એટલે સુધી કે વસીયત કરી કે ખલીફાને તેમના જનાઝામાં શરીક થવા દેવામાં ન

આવે. આપ (સ.અ.)ની વસીયત ઉપર અમલ કરવા માટે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) રાત્રિના સમયે લોકોને જાણ કર્યા વગર અમુક ખાસ લોકોની હાજરીમાં છુપી રીતે આપ (સ.અ.)ને દફન કર્યા.

**શું ગવાહ માંગવાની જરૂર હતીઃ**

**પહેલી દલીલઃ**

દરેક મુકદ્દમામાં ગવાહીની જરૂર નથી. જો કાઝી (ન્યાયધીશ)ને યકીન હોય તે મુજબ હુકમ આપી શકે છે. દાખલા તરીકે કોઈ ગવાહનું બયાન સ્પષ્ટ, ચોખ્ખુ અને સચોટ હોય તો

બીજા અનેક ગવાહોના મુકબાલામાં આ ગવાહની ગવાહી કબૂલ કરવામાં આવે છે. ગવાહી સચ્ચાઈ જાણવા માટેનું માધ્યમ-વસીલો છે. જો કાઝીને સચ્ચાઈની જાણકારી હોય તો ગવાહની જરૂરત રહેતી નથી.

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ના જમાનામાં એક ઘોડા બાબતે યહૂદી સાથે ઝઘડો થયો કારણકે મદીના આવતા સફર દરમ્યાન યહૂદીએ પોતાનું જાનવર રસૂલે ખુદા (સ.અ.વ.)ને બાર દિનારમાં વહેંચ્યુ હતું પરંતુ જ્યારે મદીના પહોંચ્યો

અને તે યહૂદીને ઉમ્મીદ જાગી કે અહી વધારે કિંમત મળશે તેથી તે પોતાની વાતથી ફરી ગયો અને રસૂલે ખુદા (સ.અ.વ.)ને કહ્યું 'તમારી શરીઅત પ્રમાણે સાબિતી માટે ગવાહીની જરૂર હોય છે' તમારી વાત સાબિત કરવા માટે કોઈ ગવાહ છે? આપ (સ.અ.વ.) એ સહાબીઓ તરફ જોયુ ત્યારે ખોઝૈમા બિન સાબિત ગવાહી આપી અને મામલો પત્યો. આપ (સ.અ.વ.) એ ખોઝૈમાથી પૂછયું તમે કેવી રીતે ગવાહી આપી જ્યારે કે આ મામલા

વખતે તમે હાજર ન હતા. ત્યારે તેઓએ જવાબ આપ્યો કે મને આપ (સ.અ.વ.)ની સચ્ચાઈ ઉપર ભરોસો છે એજ કારણે ગવાહી આપી. તે વખતે રસૂલે ખુદા (સ.અ.વ.) એ ખોઝૈમાને ઝુશહાદતૈન (બે ગવાહીવાળા)નો લકબ આપ્યો.

**જનાબે ફાતેમા (સ.અ.)ની શાનઃ**

- **જનાબે ફાતેમા (સ.અ.)ની શાનમાં આયએ તત્હીર નાઝિલ થઈ હતી જે આપ (સ.અ.)ની ઈસ્મત એટલે તમામ પ્રકારના**

ગુનાહથી દૂર હોવા માટે સચોટ દલીલ છે.

❖ પયગંબરે ઈસ્લામ હઝરત મોહમ્મદે મુસ્તફા (સ.અ.વ.)ની મશહૂર હદીસ જેનો બન્ને ફીરકાના આલિમોએ પોતાની કિતાબોમાં ઝિક્ર કર્યો છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ 'ફાતેમા (સ.અ.)ની ખુશીથી અલ્લાહ (સુ.વ.ત.) ખુશ થાય છે અને ફાતેમા (સ.અ.)ની

નારાજગીથી અલ્લાહ (સુ.વ.ત.) નારાજ થાય છે.’

- જો કુરઆને શરીફની આયત ઉપર ઈમાન હોય અને હદીસની સચ્ચાઈનું યકીન હોય તો પછી જનાબે ફાતેમા (સ.અ.)થી ગવાહ માંગવાની કોઈ જરૂરત જ નથી.

**અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.)ની ગવાહી કેમ કબૂલ ન કરી શકાય?**

આયતે મુબાહેલામાં અલી (અ.સ.)ને નફસે રસૂલ (સ.અ.વ.) કહેવામાં આવ્યા છે.

હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની આ હદીસ શિયા અને સુન્ની બન્ને હદીસવેત્તાઓ એ પોતાની કિતાબમાં નોંધી છે. આપ (સ.અ.વ.) ફરમાવે છે કેઃ 'તમારા મતભેદ સમયે અલી (અ.સ.) બહેતરીન ફેંસલો આપનાર છે.'

**બીજી દલીલઃ**

હઝરત અલી (અ.સ.) એ પણ ગવાહની જરૂરત ન હોવા બાબતે

ખલીફા સામે આ પ્રમાણે દલીલ રજૂ કરી.

હઝરત અલી (અ.સ.): ‘જો કોઈપણ મુસલમાનના કબજામાં કાંઈ માલ હોય અને હું દાવો કરૂ કે આ માલ મારો છે તો મારી પાસે ગવાહ માગશો કે તે મુસલમાન પાસે જેના કબજામાં માલ છે?

ખલીફાઃ તમારી પાસે ગવાહ માંગીશ.

આ રીતે સમજાવ્યું કે ફદકની જાગીર જનાબે ફાતેમા (સ.અ.)ના

કબજામાં હતી માટે તેઓ પાસે ગવાહ માંગવાની જરૂરત નથી.

**ખલીફાની બેવડી નીતીઃ**

**ગવાહ વગર વાત માન્ય રાખીઃ**

જાબીર કહે છે હું હ. અબુબક્ર પાસે ગયો અને કહ્યું કે રસૂલે ખુદા (સ.અ.વ.) એ મને વાયદો આપ્યો હતો કે બહેરૈનનો માલ આવશે તો મને આટલુ આપશે (૩ વાર ફરમાવ્યું હતું). હ. અબુબક્રએ તેમાંથી અમુક રકમ આપી. બીજી વખત હ. અબુબક્ર પાસે ગયો કાંઈપણ આપ્યુ નહિ, ત્રીજી વખત હ. અબુબક્ર પાસે ગયો

કાંઈપણ આપ્યુ નહિ. મેં કહ્યું હું તમારી પાસે આવ્યો પણ તમે કાંઈપણ આપ્યુ નહિ ફરીવાર આવ્યો છું છતાં પણ ના પાડો છો!!! શું તમે કંજૂસાઈ કરો છો? આ સાંભળી હ. અબુબક્ર બોલ્યા 'તમે મારા ઉપર કંજૂસાઈનો આરોપ મૂકો છોં! કંજૂસાઈ બહુ જ ખરાબ બીમારી છે' આ વાકય ત્રણ વખત બોલ્યા અને કહ્યું કે જ્યારે પણ મેં ઈન્કાર કર્યો મારો ઈરાદો તમને આપવાનો જ હતો. રાવી કહે છે મેં જાબીરને એમ કહેતા સાંભળ્યા કે હ. અબુબક્રએ મને

અમુક રકમ આપી ગણવાનું કહ્યું પછી કહ્યું તેનાથી બમણી રકમ આપી.

**સ્વપ્નમાં થયેલ વસીયત માન્ય રાખી:**

સાબિત બિન કૈસ એક સહાબી હતા જે યમામાની લડાઈમાં શહીદ થયા હતા તેમના શરીર ઉપર એક કિંમતી બખ્તર હતું. કોઈએ તેમની લાશ ઉપરથી આ કિંમતી બખ્તર ચોરી લીધુ હતું. તેઓએ સપનામાં આવી સાબિતને પોતાના ચોરાયેલા બખ્તરની જગ્યા બતાવી. તે લઈ અને કર્ઝ ભરપાઈ કરવાની તેમજ પોતાના

એક ગુલામને આઝાદ કરવાની વસીયત કરી. હ. અબુબક્રએ સપનામાં થયેલ વસીયતને કબૂલ રાખી.

**હઝરત ખિઝર (અ.સ.)ની રિવાયતઃ**

કિતાબ 'નુઝહતુલ કિરામ'માં લખેલું છે કે, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ (રી.અ.) કહે છે, 'હું એક દિવસ મજલિસમાં ગયો તેમાં મોટા મોટા અસ્હાબ અને બીજા લોકો ભેગા મળીને કોઈ બાબતે સલાહ-મશ્વેરો કરી રહ્યા હતા, અને દરવાજા

પર એક ગુલામને બેસાડેલો હતો જેથી કોઈ રજા સિવાય અંદર આવે નહિ. પછી હું સાહેબની (હ. અબુબક્રની) રજા માંગી અંદર ગયો. અમે અંદરો-અંદર વાતો કરતા હતા કે એટલામાં એક ઘરડો શખ્સ આવ્યો અને અમને સલામ કરી. સાહેબે એને બેસાડીને પૂછયું કે, 'અય શેખ, તમને અહીયા કેમ આવવું પડયું?'

તે શેખ કહે, 'જ્યારે હજના માટે મારા વતનથી નીકળ્યો ત્યારે મારા પાડોસમાં રહેતી એક બુઢ્ઢી ઔરતે આપને (ખલીફાને) એમ કહેવડાવ્યું

છે કે 'હું મારા વાલિદના ઘરમાં મોટી થઈ, મારા વાલિદ મારૂ ખર્ચ પુરૂ કરતા હતા, મને ફરઝંદ થયા ત્યારે મારા વાલિદએ મને એક ખેતર બક્ષિશ આપ્યું, એનું અનાજ તેમ બીજી ઉપજથી જે આવક થતી હતી, તે આવક મારા બાળ-બચ્ચાઓના ખર્ચમાં વાપરતી હતી. મારા વાલિદની વફાત બાદ પણ એની આવક મને જ મળતી હતી અને હું મારા બચ્ચાઓનું પાલનપોષણ કરતી હતી.

હવે અમારા શહેરના આમીલે (આજના સમયમાં કલેકટરે) તે

ખેતરને મારાથી છિનવી અને તેની આવકને પોતે જ વાપરે છે, અમને એક રાતી પાઈ પણ તેમાંથી આપતો નથી તેથી તમારા પાસે ફરિયાદ કરીએ છીએ કે તમો તમારા તે આમીલને લખો કે ઝુલ્મથી દૂર રહે, હું બચ્ચાવાળી છું એના સિવાય મારી પાસે (ગુજરાનનું) બીજું કંઈ સાધન નથી.'

આ પછી તે શેખે કહ્યું, 'અય લોકો! તે ડોસી ગરીબ બચ્ચાવાળી છે તેનો સંદેશો હતો તે મેં પહોંચાડયો. હવે ન્યાય કરવો તમારા હાથમાં છે.'

સાહેબે કહ્યું, ‘તે ઝાલીમ માટે કંઈ એહતેરામ નથી, તેનો હુકમ ના માનશો!’ પછી એમ નક્કી કર્યુ કે તે આમીલને તે શહેરથી બદલી કરીને બીજાને મોકલીએ જેથી તે ઝાલીમની ફજેતી થાય અને વૃધ્ધાનો હક તેને પાછો મળે.

જ. ઈબ્ને અબ્બાસ (ર.અ.) કહે છે કે, ‘તે શેખ આ મુજબ કહેતા ઉઠયા કે ‘ખુદા તઆલાના ગુસ્સાથી પનાહ માંગીએ છીએ તે લોકો ઉપર કે જે લોકો બીજાને ગુનેહગાર ગણાવે છે અને પોતે તે જ ગુનાહનું કામ

કરે.' એટલું કહીને તે શેખ ગાયબ થઈ ગયા. તે શેખ હ. ખીઝર (અ.સ.) હતા.

(શેખ અબ્દુલહુસેનની મજલીસે આશુરીયાહ, પા. ૩૧, છઠ્ઠી મજલીસ, ૧૩૨૫ હિ. પ્રકાશિત)

**ફદક અંગે જુદા જુદા રાજ્યકર્તાઓના અમલ:**

ઈલાહી આદેશ મુજબ હિજરી ૭માં રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ ફદકની જાગીર જ. ફાતેમા (સ.અ.)ને બક્ષી દીધી હતી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.)ની વફાત

પછી હ. અબુબક્રએ જ. ફાતેમા (સ.અ.) પાસેથી બાગે ફદક છિનવી લીધો અને બૈતુલમાલમાં ભેળવી દીધો.

બીજા ખલીફા હ. ઉમર ઈબ્ને ખત્તાબે ફદકને પાછો આપ્યો નહિ અને બૈતુલમાલમાં જ રહેવા દીધો.

ત્રીજા ખલીફા હ. ઉસમાને તો તેમના જમાઈ મરવાન બિન હકમ ‘જેના પર અને જેના બાપ હકમ બિન આસ પર હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ લાનત મોકલેલી અને

તડીપાર કરેલ હતો' તેને જ ફદકની જાગીર આપી દીધી.

હ. ઉસ્માને જ્યારે ખિલાફત કબૂલી ત્યારે તો હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) અને બન્ને શેખ (હ. અબુબક્ર અને હ. ઉમર)ના પગલે ચાલવાના કસમ ખાધા હતા તો આ જ. ફાતેમાતુઝઝેહરા (સ.અ.)ની જાગીર તેમણે કઈ રીતે મરવાન જેવા લઈન ઈબ્ને લઈનને આપી દીધી?ા હ. ઉસ્માનનું આ અમલ હ. અબુબક્ર હ. ઉમરના વિરૂધ્ધ થયું કે નહિ? તેઓ પણ હ. અબુબક્રની વારસાવાળી

હદીસ સાચી સમજતા ન હતા. તેમના સગાવાદ, ભ્રષ્ટાચાર તો ઈસ્લામના ઈતિહાસમાં બે મિસાલ (અજોડ) છે.

**અમીરૂલ મોઅમેનીન મૌલાના અલી (અ.સ.)ના ફદક વિશે વિચારોઃ**

અમીરૂલ મોઅમેનીન મૌલા મુશકિલકુશા હઝરત અલી (અ.સ.) જાહેરી ખિલાફત પર આવ્યા તો આપ (અ.સ.)એ બાગે ફદક વિશે કશું જ કર્યું નહિ, છિનવાયેલી વસ્તુ આપ (અ.સ.)એ સત્તાના જોરે કબજે કરવા પસંદ ન કર્યું. બસરાના ગવર્નર હ.

ઉસ્માન બિન હનીફ અન્સારીને આપ (અ.સ.) એ એક કાગળમાં લખ્યુ કે,

બેશક આ આસ્માન નીચે એક ફદક અમારૂ હતું પરંતુ તેમાં કેટલાક લોકોએ કંજૂસાઈ કરી તો કેટલાકે વળી આંખમીંચામણા કર્યા. સાચી વાત તો એ છે કે હવે ખુદા સિવાય સાચો નિર્ણય કોણ લઈ શકે છે.

પણ ફદક હોય યા બીજું કાંઈ, હું તેને લઈને શું કરૂ? માણસનું છેવટનું રહેઠાણ તો કબ્ર છે, જેના અંધકારમાં તેના રહ્યા સહ્યા અવશેષો મટી જશે, તેનું નામ નિશાન નાબૂદ થઈ જશે.

ખોદનાર આ ખાડાને પહોળો કરવા ધારે તો પણ શું થાય? કારણ કે પથ્થર અને માટીથી (ઘણી પડવાથી) તે સાંકડી થઈ જાય છે અને જરા જેટલું બાકોરૂ પણ માટીથી બંધ થઈ જાય છે.

આ મારી જાનને તકવા (ખુદાનો ડર) સાથે રિયાઝતની તરફ વાળુ છું જેથી તે મહાન ડરના દિવસે (ચૌમે હિસાબ) શાંતિમાં રહે અને સેરાત પર લપસી ન જાય.

આ અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ના કલામ વાંચી આંસુ ભીની

આંખે જીભ પર આ શબ્દો આવી જ જાય છે કે ખરેખર અલી (અ.સ.) અલ્લાહના વલી છે.

મુશ્કિલકુશા (અ.સ.)ને મુખાલીફો અને મુનાફીકોએ ચેનથી રાજ્ય કરવા દીધું નહિ, જમલવાળા જેવા વચન ભંગીઓ (નાકેસીન) સિફ્ફીનમાં મોઆવીયા જેવા બળવાખોરો (કાસેતીન) અને ખારજીઓએ (મારેકીન) આપ (અ.સ.)ને સતત તકલીફો પહોંચાડી. આથી જ આપ (અ.સ.) એ બાગે ફદક વિશે કંઈ જ ન કર્યું જેથી

ભવિષ્યમાં આપ (અ.સ.)ની અને એહલેબૈતની મઝલુમિયત જગજાહેર થઈ જાય.

ઈસ્લામી હુકૂમત જ્યારે શામમાં બની ઉમય્યાઓના હાથમાં ગઈ અને મરવાન બિન હકમ બાદશાહ થયો ત્યારે તેણે બાગે ફદકનો ૨/૩ બેતૃતિયાંશ ભાગ પોતાના દિકરા અબ્દુલમલિકને આપ્યો અને એક તૃતિયાંશ ભાગ સુલેમાનને આપ્યો. જ્યારે અબ્દુલમલિક ગાદીએ આવ્યો તો તેણે પોતાનો બે તૃતિયાંશ ભાગ અબ્દુલઅઝીઝને આપ્યો જ્યારે

સુલેમાન રાજ્ય કર્તા થયો તો તેણે પોતાનો ભાગ ઉમર બિન અબ્દુલઅઝીઝને આપી દીધો. પછી જ્યારે ઉમર બિન અબ્દુલઅઝીઝ (૧૦૧ હિજરી) ગાદીએ બિરાજ્યો તો તેમણે બાગે ફદક ઈમામ મોહમ્મદ બાકિર (અ.સ.)ને પાછો આપી દીધો. પરંતુ બની ઉમય્યાઓની ઉશ્કેરણીથી ફરીથી તેને લઈ લેવો પડયો. (જુઓ દઆએમુલ ઈસ્લામ ભાગ ૧ કિતબુલ જેહાદ, શરહે નહેજુલ બલાગાહ, મોઅજ્જમુલ

બુલદાન ભાગ ૨ પાને ૩૪૩, અબુલ ફીદાની તારીખ વિ.વિ.)

ત્યાર પછી તો બાગે ફદક બનુ ઉમય્યાઓના હાથમાં જ રહ્યો પરંતુ જ્યારે બનુ અબ્બાસના બાદશાહ અબુલ અબ્બાસ સફફાકે સત્તા કબજે કરી તો તેણે અબ્દુલ્લાહ બિન હસન બિન હસન (અ.સ.) બિન અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફદકની જાગીર સોંપી. તેઓ જ. ફાતેમા (સ.અ.)ના ફરઝંદોને ફદકની આવકની વહેંચણી કરતા હતા જ્યારે બનુ હસને અબ્બાસી સલ્તનત સામે

બળવો કર્યો ત્યારે મન્સુરે ફરીથી ફદક લઈ લીધો. મન્સુરના દીકરા મેહદીએ પાછો અલવીઓને સોંપ્યો. પછી મૂસા હાદીએ ફરીથી છિનવી લીધો. આમ કરતા મામૂન ખલીફા થયો.

કાઝી નો'માન બિન મોહમ્મદ (અ.ર.)ની નોંધ છે કે 'મામુન ખલીફાના સમયમાં દૂર દૂરથી સઘળા ફકીહોઓને ભેગા કર્યા. તેમણે બાગે ફદક વિશે અંદરો અંદર ચર્ચા વિચારણા કરી તો તે સંમત થયા કે બાગે ફદક પર જ. ફાતેમા (સ.અ.)નો જ હક છે. જેમણે બાગે

ફદક આપ (સ.અ.)ની પાસેથી લઈ લીધો હતો તે ઝુલ્મોસીતમ છે. એટલે અબ્બાસીએ પાછો ફદક ફાતેમા (સ.અ.)ના ફરઝંદોને સોંપી દીધો. (દઆએમુલ ઈસ્લામ, ભાગ-૧, કિતાબુલ જેહાદ)

મોઅજ્જમુલ બુલદાનમાં યાકૂત હમવી લખે છે, હિજરી ૨૧૦માં મામૂન રશીદે ફદક ઔલાદે ફાતેમા (સ.અ.)ને સોંપવા હુકમ કર્યો, તેણે હુકમ કર્યો કે એક ફરમાન લખવામાં આવે. તેના સામે વંચાયું ત્યારે

દેઅબલ ઉભા થયા અને આ શેઅર કહ્યો.

અસ્બહા વજહુઝઝામાને કદ ઝહેકા
બેરદ્દે મામૂના હાશેમન ફદકા

યાને ઝમાનાનો ચહેરો આ વાતથી ખુશ થઈ ગયો કે મામૂને બની હાશિમને ફદક સોંપી દીધો. (મોઅજજમુલ બુલદાન ભાગ ૨ પાને ૩૪૩) બલાઝરીએ ફુતુહુલ બુલદાનમાં આજ રીતે લખેલું છે.

**મામૂનનું ફરમાનઃ**

મામૂને કસમ ઈબ્ને જા'ફર (મદીનાના આમીલ)ને લખ્યું કે 'ફદક

હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) એ પોતાની દિકરી ફાતેમા (સ.અ.)ને આપી દીધો હતો. આ જગજાહેર વાત છે તેથી જ જ. ફાતેમા (સ.અ.) તેના માટે બરાબર દાવો કરતા રહ્યા કેમકે તેઓ હકદાર હતા. આમ તેમના દાવાને સાચો માનવામાં આવે અને મારા મત મુજબ ફદક તેમના વારિસોને પાછો સોંપવામાં આવે અને મોહમ્મદ બિન યાહ્યા બિન હુસેન બિન ઝેદ બિન અલી ઈબ્ને હુસેન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને અને મોહમ્મદ બિન

અબ્દુલ્લાહ બિન હુસૈન બિન અલી બિન હુસૈન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) સુપરત કરવામાં આવે જેથી તેઓ પોતાના કુટુંબકબીલા માટે તેમાંથી વ્યવસ્થા કરે.' (મોઅજ્જમુલ બુલદાન, ભાગ-૬, પા. ૩૪૫)

આ ફરમાનના લખાણ પરથી સાફ જણાય છે કે ૨૦૦ વરસ પછી ઈસ્લામના જ એક ખલીફાએ જ. ફાતેમા સિદ્દીકા (સ.અ.)ના દાવાની સચ્ચાઈ સ્વીકારી. ઈસ્લામના પહેલા ખલીફાના અમલની અને તેમની

બનાવટી હદીસની પોલ ખુલી ગઈ. આ બનુ ઉમય્યાના શાહ ઉમર બિન અબ્દુલઅઝીઝ, મામૂન રશીદ અબ્બાસી વિ. ના ફદક સોંપણીના ફરમાનો જોઈને મનમાં એમ થાય છે કે મુસલમાનોના પહેલા બીજા ત્રીજા ખલીફાઓમાં આ બાદશાહો જેટલી પણ ઈમાનદારી, પ્રમાણીકતા અને ઈન્સાફ પસંદી ના હતી. જનાબે ફાતેમતુઝહેરા (સ.અ.)ના વફાત પછી અનેક વર્ષો પછી આ બાદશાહો આપ (સ.અ.)ના હકને ઓળખી

શકયા તો ઈસ્લામના આ બે મહાન ખલીફાઓ શું નહોતા જાણતા?!!

સૈયદ જસ્ટીસ અમીરઅલી લખે છે, 'અબુલ ફઝલ જા'ફર મુતવક્કીલ (૨૩૨ હિ.થી ૨૪૭) એ કે જેણે ઈમામ હુસેન (અ.સ.)ના રોઝા તોડાવી નાંખી કબ્ર પર નહેર વહેવડાવાની યોજના કરી હતી તેણે ફરીથી ફદકની જાગીર અલવીઓ પાસેથી ઝુંટવી લીધી.

ફરીથી અબુ જા'ફર અહેમદ મુન્તસીર બીલ્લાહે (૨૪૭થી ૨૪૯ હિ. ૬૮૧ થી ૬૮૨ ઈ.સ.) હઝરત

અલી (અ.સ.)ના અને ઈમામ હુસેન (અ.સ.)ના રોઝા બંધાવ્યા અને પોતાના બાપે કબજે કરેલા બાગે ફદકને પાછો સોંપ્યો. (શોર્ટ હીસ્ટરી ઓફ સારાસીન્સ પાના. ૨૮૯, ૨૯૦)

**ખુત્બ-એ-ફદકઃ**

હિજરી સન ૧૧માં હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની વફાત થઈ. એહલેબૈત (અ.મુ.સ.) ઉપર મુસીબતોના પહાડ તૂટી પડયા, ફિત્ના ફસાદના ઘેરાયેલ વાદળો વરસી

પડયા, અમીરૂલ મોઅમેનીન હઝરત અલી (અ.સ.) અને અમુક સહાબીઓજ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ના કફન-દફનમાં શરીક થયા જ્યારે બીજા અમુક સહાબીઓ બનુસાઅદના ડેલામાં ખિલાફતની ભાગદોડ સંભાળવા માટે ભેગા થઈ અને ગદીરે ખુમના મૈદાનમાં કરેલી બયઅતને તોડી નાખી આ રીતે લોકમતના નામે સાહેબે હકથી હક છિનવી લેવામાં આવ્યો. અમીરૂલ મોઅમેનીન (અ.સ.) એ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની વસીયત

પ્રમાણે સબ્ર ઈખ્તેયાર કર્યો. ખાતૂને જન્નત જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) પોતાના વાલિદે બુઝુર્ગવારના ગમમાં ગમગીન હતા. તે સમયે દિલાસો આપવાને બદલે ફદકની જાગીર છિનવી લેવામાં આવી અને જનાબે ફાતેમા ઝહરા (સ.અ.) એ પોતાનો હક સાબિત કરવા માટે સચોટ દલીલો અને ગવાહો રજૂ કર્યા પરંતુ તે કબૂલ કરવામાં ન આવ્યા, ભેટરૂપે આપેલ જાગીર ફદક ગસ્બ કરવામાં આવી અને જનાબે ફાતેમા (સ.અ.) એ તે સમયે એક ખુત્બો

આપ્યો હતો જે ઈતિહાસમાં ખુત્બ-એ-ફદકના નામથી મશહૂર છે. શિયા અને સુન્ની બન્ને હદીસવેત્તાઓએ પોતાની કિતાબમાં નોંધ લીધેલ છે. તેનો ખુલાસો અહીં રજૂ કરવામાં આવે છે.

❖ અલ્લાહની હમ્દો સના અને હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.) ઉપર દરૂદો સલામ બાદ અલ્લાહ તઆલાની બેશુમાર અને શુક્ર અદા ન થઈ શકે તેવી નેઅમતોનો ઝિક્ર કર્યો.

❖ અલ્લાહ તઆલા કે જેની કામિલ માઅરેફત મેળવવી શકય નથી તેની તોહીદની ગવાહી આપી, ખિલકત-સર્જનની હિકમત માઅરેફત-ઈબાદત હોવા તરફ ઈશારો કર્યો.

❖ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ની નુબુવ્વતની ગવાહી આપી કે અલ્લાહ તઆલાએ ઈલ્મે ગૈબ અને હિકમતના આધારે લોકો જ્યારે કુફ્ર અને શિર્કના ઘોર અંધકારમાં ગુમરાહીમાં ભટકી રહ્યા હતા ત્યારે તેઓને હિદાયત

માટે મોકલ્યા, આપ (સ.અ.વ.) પોતાની જવાબદારી અદા કરી, અલ્લાહ તઆલાની રહેમતમાં આરામ ફરમાવી રહ્યા છે.

- હવે તેઓના પેગામને બીજી ઉમ્મતો સુધી પહોંચાડવાની જવાબદારી તમારી છે.
- તેઓ (સ.અ.વ.)નો પેગામ કિતાબ-કુરઆને શરીફ તમારી પાસે છે કે જે ઝળહળતુ નૂર છે, જેમાં ખુલ્લી દલીલો સાથે બધા એહકામ બયાન થયેલા છે.

❖ અમુક એહકામની હિકમતો બયાન કરે છે.

- નમાઝ ઘમંડથી બચાવે છે.
- ઝકાત રૂહોને પાક કરે છે અને રોઝીમાં વધારો કરે છે.
- રોઝાથી (અમલમાં) ઈખ્લાસ આવે છે.
- હજથી દીન મજબૂત થાય છે.
- ઈન્સાફથી લોકોના દિલોને રાહત મળે છે.
- એહલેબૈત (અ.મુ.સ.)ની ઈતાઅતથી મતભેદ દૂર થઈ એકતા કાયમ થાય છે.

- અમ્રબિલ માઅરૂફથી સમાજ સુધારણા થાય છે.
- મા-બાપ સાથે નેકી અલ્લાહ તઆલાના ગઝબથી બચાવે છે.
- સિલે રહેમીથી ઉમ્રમાં અને રોઝીમાં વધારો થાય છે.

❖ પોતાનુ સગપણ બયાન કરે છે.

❖ હઝરત અલી (અ.સ.)ની ફઝીલત બયાન કરે છે.

❖ જાહેલીયતના ઝમાનાની ખરાબ હાલત તરફ ઈશારો કરી અને

ઈસ્લામની બરકતથી થયેલા ફાયદાઓ બયાન કરે છે.

❖ ઈસ્લામની તબ્લીગમાં હઝરત અલી (અ.સ.)નો કિરદાર બયાન કરે છે.

❖ વફાતે રસૂલ (સ.અ.વ.) બાદ થયેલા ઝુલ્મો અને એહલેબૈત (અ.મુ.સ.)ને વારસાથી મહેરૂમ રાખવા બાબતે રજૂ કરાયેલ હદીસ સ્પષ્ટ રીતે કુરઆન શરીફના હુકમની વિરૂધ્ધ હોવાથી કબૂલ કરી શકાય તેમ નથી, કારણકે કુરઆને શરીફમાં હઝરત

સુલૈમાન (અ.સ.)એ હઝરત દાઉદ (અ.સ.)થી વારસો મેળવ્યો તેનો ઉલ્લેખ છે તેમજ હઝરત યાકૂબ (અ.સ.) પોતાનો વારસો મેળવી શકે તેવા ફરઝંદ મેળવવા માટે દુઆ કરી તેનો પણ ઉલ્લેખ છે.

❖ જ. ઝહરા (સ.અ.) અન્સારોને ગૈરત અપાવે છે, ઈસ્લામના શરૂઆતના સમયમાં હકનો સાથ આપવા માટે ઘણી બધી કુરબાની આપેલ છે છતાં પણ શા માટે તમે હકનો સાથ નથી આપતા!!!

❖ હઝરત રસૂલે ખુદા (સ.અ.વ.)ના સાચા જાનશીનનો સાથ છોડવાને કારણે તમે લોકો બરબાદીના રસ્તા ઉપર ચાલી રહ્યા છો.

❖ જનાબે ફાતેમા (સ.અ.) પોતાના દિલના ગમને બયાન કરે છે.

❖ હ. અબુબક્ર પોતાના અમલ માટે મુસલમાનોના લોકમતને બહાનુ બનાવે છે.

❖ જનાબે ફાતેમા (સ.અ.) ફરમાવે છે 'તમે મક્રો-ફરેબ સાથે મુસલમાનો ઉપર આ જૂઠો આરોપ મૂકો છો.' કબ્રે રસૂલ

(સ.અ.વ.) તરફ રૂખ કરી વફાત બાદ એહલેબૈત (અ.મુ.સ.) ઉપર થયેલા ઝુલ્મોને બયાન કરે છે.

**ફદક ન આપવાનું સાચુ કારણઃ**

ઈબ્ને અબીલ હદીદ લખે છે કે 'મેં અલી બિન ફારૂકી જેઓ બગદાદના અરબી મદરેસામાં શિક્ષક હતા. તેમને પૂછયું 'શું ફાતેમતુઝઝેહરા (સ.અ.) તેમના (ફદક વિશેના) દાવામાં સાચા હતા?'

તેમણે જવાબ આપ્યો 'હા' મેં પછી પૂછયુંઃ 'તો પછી હ. અબુબક્રએ

તેમને ફદક કેમ પાછો સોંપ્યો નહિ? જ્યારે કે જ. ફાતેમા (સ.અ.) તેમના માનવા મુજબ સાચા હતા.

આ સાંભળીને તેઓ હસ્યાં જો કે તેઓ ઘણાં જ ગંભીર, માનવંતા અને પ્રભાવશાળી હતાં અને એક દિલચસ્પ અને રસપ્રદ વાત કહી કે, 'જો આજે હ. અબુબક્ર જ. ફાતેમા (સ.અ.)ના દાવા મુજબ ફદક તેમને પાછું સોંપી દેતે તો બીજે જ દિવસે તેઓ આવતે અને પોતાના શૌહરની ખિલાફત માટે દાવો કરતે અને હ. અબુબક્રને ખિલાફતથી હટાવી દેત ત્યારે

અબુબક્ર કોઈ બહાનુ રજૂ કરી ના શકત કે ન તો તેમની વાત ટાળી શકત કેમકે તેમણે પોતે જ પોતાના વિરૂધ્ધ આ વાતને મંજૂર કરી હતી કે જ. ફાતેમા (સ.અ.) જે પણ દાવો કરે તેમાં તેઓ સાચા છે અને તેમાં ન કોઈ સાક્ષીની જરૂર છે, ન કોઈ દલીલની.

ઈબ્ને અબીલ હદીદ કહે છે ‘તેઓની (અલી બિન ફારૂકીની) વાત બિલ્કુલ સાચી છે જો કે તેમણે આ વાત હસતાં હસતાં કહી દીધી.’

(શરહે નહજુલ બલાગા, ભાગ-૪, પાના. ૧૦૫)

મહાન સુન્ની આલિમ અલ્લામા ઈબ્ને અબીલ હદીદ મોઅતઝેલીએ ફદક ન આપવાનું સાચું કારણ બેધડક રીતે રજૂ કરી દીધું છે. ખરેખર તો એક જમીનના ટુકડા (ફદક) માટે શું ખાતૂને જન્નત ફાતેમા (સ.અ.) આટલી ઉગ્ર લડત કરે? ના, બલ્કે આપ (સ.અ.) અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ના હક ખિલાફત માટે આપે હુજ્જત કરી હતી.